**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૫૭ ટકા

# શહેરના બજારો શનિ-રવિની રજામાં ગ્રાહકોથી ઉભરાયા



## શોંપીગ મોલ સહિત ગાંધીનગરના વિવિધ બજારોમાં માં માનવ મહેરામણ

ગાંધીનગર, તા.૨૯

દિવાળી નજીક આવી છતા શહેરમાં દિવાળીનો માહોલ જામતો ન હતો. છેલ્લા ઘણા દિવસોથી બજારો ગ્રાહકો વિના સુમસામ લાગી રહ્યા હતા. ગ્રાહકોને દુકાન સુધી ખેંચી લાવવા માટે દુકાનદારોએ અવનવી સ્કીમો શરુ કરી છે. ભાવ ઘટાડો અને સેલના નામે પણ વેચાણ થાય તેમ વેપારીઓ ઈચ્છી રહ્યા છે. ત્યારે ગાંધીનગર શહેરમાં શનિ-રવિની રજામાં નગરના બજારોમાં આવેલી દુકાનો તેમજ મોલમાં ગ્રાહોકની ભારે ભીડ જોવા મળી હતી. સવાર થી મોડીરાત સુધી બજારોમાં હૈયે થી હૈયુ દળાય તેવી જનમેદની ઉમટી હતી. કપડા, બુટ, સહિત ઘર સજાવટની વિવિધ ચીજવસ્તુઓ માટે બજારોમાં ગ્રાહકોએ દોટ મુકતા બજારોમાં તેજી જોવા મળી હતી. તો શહેરના ડી-માર્ટ, ઓશીયા માર્ટ તેમજ સીટી સ્કવેર ખાતે પણ ગ્રાહકો મોટીસંખ્યામાં ખરીદી કરતા નજરે પડ્યા હતા. એક જ સ્થળે અને સમયે તમામ ચીજવસ્તુઓ મળતી હોવાથી કેટલાક નાગરીકોએ મોલ પર પસંદગી ઉતારી હતી. જયારે આ બજારોની સાથેસાથે શહેરમાં આવેલ વિવિધ સમાજની વાડીમાં ચાલતા સેલમાં પણ બે રજાના પગલે ગ્રાહકોનો ધસારો વધી જવા પામ્યો હતો. જયારે આગામી દિવસોમાં પણ શહેરના શોંપીગ મોલ તેમજ બજારમાં ગ્રાહકોનો દિવાળીની ખરીદી માટે ભારે ધસારો રહેશે. સે-૨૧, ૭ સહિતના બજારોમાં તો ફુટપાથ પર નાના વેપારીઓ બેસીને વિવિધ ઘરઉપયોગી ચીજવસ્તુ વેચાણ કરે છે. છેલ્લા બે દિવસમાં મીઠાઈ, ફરસાણ, કપડા, બુટ, પરફ્યુમ, બેલ્ટ, ચાદરો, વિવિધ કવર, રૂમાલ, મોજા, ઘરવખરી, રાચરચીલું ફર્નીચર, ઈલેક્ટ્રોનીકસ આઈટમ સહિતના શો રુમ પર નાગરીકો પડાપડી કરી રહ્યા છે.

### ઓનલાઈન શોપીંગને પગલે વેપારીઓમાં જાગૃતિ

આજકાલ ઓનલાઈન શોંપીગ ખુબ ચલણમાં છે. જેને કરાણે છેલ્લા કેટલાક વર્ષોથી સ્થાનિક વેપારીઓ ચિંતામાં હતા, જો કે હવે આ વેપારીઓ પણ જાગૃત થઈ ગયા છે. અને પોતાની પ્રોડકટસના ભાવ ઓનલાઈન બજારના ભાવો સાથે સ્પર્ધામાં રહે તે પ્રમાણે રાખીને ગ્રાહક ઓનલાઈનની વાત કરે એટલે તુરંત જ પોતાનો મોબાઈલ કાઢી તેમાં ઓનલાઈન ભાવ તથા પોતાના ભાવ સાથે દર્શાવી પોતાને ત્યાંથી ખરીદી કરવાના અન્ય ફાયદા જેવા કે ગુણવત્તા, સર્વિસની જવાબદારી, વધારાની ઓફર વગેરે રજુ કરી ધંધો કરી લેવા પ્રયાસ કરી રહ્યા છે.

## પૂજ્ય ગુરૂજી આનંદમૂર્તિજી મહારાજે કર્મયોગી તત્વાર્થે જ્ઞાન યજ્ઞનો મહિમા સમજાવ્યો





ગાંધીનગર, તા. ૨૮

પ.પૂ.ગુરૂજી આનંદમૂર્તિજી મહારાજે કર્મયોગી ત્તત્વાર્થે જ્ઞાન યજ્ઞનો મહિમા સમજાવતો કાર્યક્રમ શહેરના ટાઉનહોલ ખાતે આજરોજ સવારે યોજાયો હતો. જેમાં ગરૂજીએ કર્મયોગીનું જીવનમાં મહત્વ માર્મિક રીતે સમજાવ્યું હતું. આ પ્રસંગે ટાઉનહોલ ખાતે ગાંધીનગર શહેર-જિલ્લા રાજપૂત સમાજના આગેવાનો, હોદેદારો, સહિત ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

કર્મયોગી લેવામાં નહીં પણ સમાજમાં આપવામાં આવે તો તેના જીવનની શાંતિ આપો આપ વધતી જાય છે. જીવનમાં કર્મ દ્વારા પોતાની સમાજની દેશની સેવા કરવામાં દરેક જીવ મહત્વનો ફાળો આપે છે. મારૂ, મારૂ નહીં પણ આપણું આપણું કરશો તો જીવનમાં કોઈ તકલીફ નહીં પડે તેમ ગુરુજીએ સમજાવ્યું હતું. રાજપૂત સમાજ મિલ્કત ટ્રસ્ટ અંબાજી સંચાલિત બા હંસાબા ચંદનસિંહ રાજપૂત એકતા ભવન અંબાજી ખાતે ભવ્ય રીતે નિર્માણ થયું છે. તેમાં ગુરુજીનો સિંહ ફાળો રહ્યો છે. આ પ્રસંગે શહેરના ધારાસભ્ય ડો.સી.જે.ચાવડાએ આ ધામને પોતાનાથી બનતી બધી જ મદદ કરતા ઉદાર હાથે ફાળો આપી સાથ અને સહકાર આપ્યો છે. સમાજના ઉત્કર્ષ માટે સંતો આગળ આવે તો સમાજનો સર્વાંગી વિકાસ થશે તેમ જણાવ્યું હતું.રાજપૂત સમાજ મિલ્કત ટ્રસ્ટ અંબાજીના પ્રમુખ સામંતસિંહ સોલંકીએ ટ્રસ્ટની રૂપરેખા આપી મહેમાનોનું શાબ્દિક સ્વાગત પ્રવચન કર્યુ હતું. રાજપૂત સમાજના આગેવાનોએ ગુરૂજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જયારે આ પ્રસંગે દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગાંધીનગર રાજપૂત સમાજના પ્રમુખ એલ.કે.વાઘેલા, અને રાજનસિંહ ચાવડા, ટ્રસ્ટી અંબુસિંહ ગોલ, કેશરીસિંહ વાઘેલા, વિક્રમસિંહ ગોલ, અમરસિંહ ગોલ, વિનોદસિંહ રાઠોડ, રમજુભા જાડેજા, પી.પી.બિહોલા, શંકરસિંહ ગોહિલ, ડે.મેયર દેવેન્દ્રિસિંહ ચાવડા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા અને કાર્યક્રમને અનુરુપ પ્રાસંગિક પ્રવચનો પણ કર્યા હતા.

### ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટીના પ્રમુખપદે જયંતિભાઈ પટેલની નિયુક્તિ

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ગામના રહીશ અને અગ્રણી જયંતિભાઈ જી. પટેલની ફુડ અને ડ્રગ્સ કન્ઝ્યુમર કમિટીના પ્રેસિડન્ટ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. જેઓ હાલ ચિલોડા ગ્રામ પંચાયતના ડે. સરપંચપદે, ચિલોડા સેવા સહકારી મંડળીના કમિટી સભ્યપદે, ચિલોડા દૂધ ઉત્પાદક મંડળીના સભ્યપદ તથા જસ્ટીસ એન્ડ ક્રાઈમ ન્યુઝ પેપરના તંત્રપદે સેવા બજાવી રહ્યા છે. વિવિધક્ષેત્રે સેવાપ્રદાન કરવા બદલ મિત્રમંડળ તરફથી શુભેચ્છા પાઠવવામાં આવી છે.

### સે. ૨-સીમાં સ્થાનિક સમસ્યાઓ અંગે બેઠક યોજાઈ

શહેરના વસાહતીઓ અનેક પ્રકારની માળખાગત સમસ્યાઓનો સામનો કરતા હોય છે અને આ સમસ્યાઓના ઉકેલ માટે સભાધીશો તથા તંત્રના અધિકારીઓ-કર્મચારીઓ સમક્ષ રજૂઆતો કરવી પડતી હોય છે. ગાંધીનગરના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સેક્ટર-૨-સી ખાતે આજે સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા નાગરિકોની એક બેઠક યોજવામાં આવી હતી જેમાં તેમણે વસાહતીઓની સમસ્યાઓ અંગે જાણકારી પ્રાપ્ત કરી હતી. જેમાં સાફ-સફાઈ, સ્ટ્રીટલાઈટ, પાણી, રોડ રસ્તા સહિતની સમસ્યાઓનો સમાવેશ થાય છે. આ સમસ્યાઓનો ઝડપથી ઉકેલ લાવવા તેમણે ખાત્રી આપી હતી. આ પ્રસંગે વસાહતીઓએ કોર્પોરેટરનું શાલ ઓઢાડી સ્મૃતિચિહ્ન આપી સન્માન કર્યું હતું.

## જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબી નોટીફિકેશન અંગે કાર્યક્રમ યોજાયો






ગાંધીનગર, તા. ૨૮

આજરોજ ગાંધીનગર કેમીસ્ટ એસોસીએશનના સહયોગથી જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા સે. ૧૬ બ્રહ્મસમાજ ભવન ખાતે આજે સવારના સમયે ટીબી નોટીફીકેશન અંતર્ગત કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતેથી કેયુર જયસ્વાલ, તૃષ્ણા પટેલે હાજરી આપી હતી. ટીબી અંગેની સંપુર્ણ માહિતી આપવામાં આવી હતી. જે અનુસંધાને દરેક કેમીસ્ટે ટીબીની દવાના વેચાણ અંગે સીડ્યુલ એચ-૧ રજીસ્ટર ફરજીયાત નિભાવવા અંગેની જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત ભારત સરકાર દ્વારા જાહેર થયેલ રાજપત્ર અનુસાર નોટીફીકેશન ન કરનાર કેમીસ્ટને જેલની સજા અંગેની જોગવાઈ તેમજ દંડની જોગવાઈ થયેલ છે. તો તમામ કેમીસ્ટને જે દવાનું વેચાણ થાય અને જે દવા સીડ્યુલ એચ-૧ રજીસ્ટરમાં સામેલ હોય તે દવાના વેચાણની જાણ ટીબી વિભાગને કરવા જણાવ્યું હતું.

કાર્યક્રમના અંતે ગાંધીનગર કેમીસ્ટ એસોસીયેશનના પ્રમુખ દ્વારા તમામ કેમીસ્ટ સીડ્યુલ એચ-૧ રજીસ્ટર અંતર્ગત માહિતી આપવા અપીલ કરવામાં આવી હતી. આ પ્રસંગે કેમીસ્ટ એસોસિયેશનના હોદેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## સેક્ટર-૬માં જનજાગૃતિ અભિયાન અને આરોગ્ય સંભાળ અંગે શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

જાહેર આરોગ્યને લગતી બાબતો જેવી કે ડાયાબીટીસ, એચઆઈવી, 'કેલ્સીયમ મેટાબોલીઝમ' જેવા વિષયને અનુલક્ષીને આમ જનતામાં જાગૃતી લાવવા અને નાગરિકોને તેની પ્રાથમિક જાણકારી મળી રહે તે હેતુથી પારા લીગલ વોલ્યુન્ટીયરસના ઉપક્રમે એક જાહેર અભિયાન કમ જનજાગૃતિ શિબિરનું આયોજન તારીખ ૨૯ નવેમ્બર-૨૦૧૮ સોમવારના રોજ સાંજે ૫ કલાકે ગાંધીનગર, સેક્ટર-૬ના મેઈન શોપીંગ સેન્ટર સામે, જાહેર બગીચામાં રાખવામાં આવેલ છે. કાર્યક્રમના મુખ્ય વક્તા અનિલ કક્કડ આ મીટીંગમાં ડાયાબીટીસ થવાના કારણો, ડાયાબીટીસના જુદા જુદા પ્રકારો, તેના ટેસ્ટીંગ, ડાયાબીટીસના દર્દીએ ખોરાક, દવાઓ અને પોતાની દૈનિક જીવનશૈલી બાબતે લેવાની થતી સંભાળ ઉપરાંત એચઆઈવી, 'કેલ્સીયમ મેટાબોલીઝમ' બાબતે જરૂરી હકીકતો રજુ કરશે.

કાર્યક્રમના અન્ય આયોજક સીતારામ પટેલ પારાલીગલ વોલ્યુન્ટીયરસની ટીમ દ્વારા આપવામાં આવતી માનદ્ સેવાઓની જાણકારી પણ આ સભાને આપશે. અન્ય પારાલીગલ વોલ્યુન્ટીયરસ સત્યનારાયણ પાંડે, મહેન્દ્ર ચૌહાણ જેવા અગ્રણીઓ પણ ઉપસ્થિત રહી સભાને ઉદ્બોધન કરશે. ગાંધીનગર શહેરના સુજ્ઞ નાગરિકોને આ અભિયાનમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી તેનો લાભ લેવા આનુરોધ કરવામાં આવે છે.

## માનવ અધિકાર આંદોલન સમિતિ દ્વારા ઝુંપડાધારકોના હક માટે પ્રતિક ઉપવાસ યોજાયા

ગાંધીનગર, તા.૨૮ ફોટો

રાજયના પાટનગરનો સ્માર્ટસીટીમાં સમાવેશ થયા પછી દબાણ સહિતની કામગીરી પુરજોશમાં શરુ કરવામાં આવી રહી છે. હાલમાં જ સેકટર-૨૪ ના પાકા દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. હવે શહેરના સેકટરોમાં આવેલા ઝુંપડા દુર કરવા તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. જેનો કાર્યક્રમ પણ જાહેર કરી દેવામાં આવ્યો છે. ત્યારે રવિવારને પાટનગરના ઝુંપડાવાસીઓએ શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે એક દિવસના પ્રતિક ઉપવાસ યોજ્યા હતા. આ પ્રસંગે માનવ અધિકાર આંદોલન સમિતિના અરૂણ પટેલે જણાવ્યું કે જયાં સુધી સરકાર ઝુંપડાવસીઓને વૈકલ્પિક વ્યવસ્થા કરી આપે, જો દરેક ઝુંપડાવાસીઓને ન્યાય નહીં મળે તો આંદોલન કરવામાં આવશે.

માનવ અધિકાર આંદોલન સમિતિના અરુણ પટેલે કહ્યું કે ગાંધીનગરમાં તંત્ર દ્વારા ઝુંપડા હટાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. જયારે આગળના દિવસોમાં ઝુંપડા દુર કરવાનો કાર્યક્રય જાહેર કરી દેવાયો છે. ત્યારે આ કામગીરી બંધ રાખવા ઝુંપડાધારકોની માંગ હતી. હાલના સમયે ૧૩ હજાર ઝુંપડામાં ૫૦ હજાર પરિવારો વસવાટ કરી રહ્યા છે. જે ચુંટણી કાર્ડ અને રેશનકાર્ડ પણ ધરાવે છે. શહેરનો સ્માર્ટ સિટીમાં સમાવેશ કરાયા બાદ ઝુપિડા તોડીને માનવ અદિકારનું હનન કરાઈ રહ્યું છે. અગાઉ શહેરમાં ૬૦૦ ઝુંડા ફાળવ્યા હતા, જયારે શહેરમાં ૨૦૦૦ કરતા વધારે ઝુંપડાવાસીઓ છેલ્લા ૩૫ વર્ષથી વસવાટ કરી રહ્યા છે. જો સરકારે ઝુંપડા તોડવાની કમગીરી ઉપર પૂર્ણ વિરામ નહીં લગાવે તો ઉગ્ર આંદોલન કરવું પડશે તેવી ચિમકી ઉચ્ચારી હતી.

# બે મિનિટ હોલ્ડ કરજો, હું રોડ ક્રોસ કરી લઉં..!!

**રોડ ક્રોસ કરતા કરેલો મોબાઈલ ફોન યમરાજાને લાગી શકે છે : રોડ પર પહેલો હક્ક રાહદારીઓનો હોવાથી વાહનચાલકોએ પણ ''પહેલા મને પસાર થઈ જવા દો''ની માનસિકતા છોડવી જરૂરી : વૃદ્ધો-અશક્તો માટે રોડ ક્રોસ કરવો સમસ્યારૂપ બનતુ જાય છે**

ગાંધીનગર, તા. ૨૮

વર્ષો પહેલા એક જાણીતા સામયિકમાં મુંબઈમાં વધી રહેલા ટ્રાફિકને અનુલક્ષીને એક કાર્ટુન જોવા મળ્યું હતું જેમાં રોડની એક




તરફ ઉભેલો રાહદારી રોડની સામે તરફ દેખાતા માનવીને પુછે છે કે ''તેં રોડ ક્રોસ કેવી રીતે કર્યો ?'' અને જવાબમાં પેલો માનવી સામે છેડેથી બુમ પાડીને કહે છે કે ''હું તો આ તરફ જ જન્મ્યો છુ.'' ટ્રાફિકની સમસ્યા હવે મુંબઈ જેવા મેટ્રો શહેરોનો જ ઈજારો નથી રહી પરંતુ એક સમયે રાહદારીઓ માટે સ્વર્ગ સમા ગણાતા ગાંધીનગરના રાજમાર્ગો પણ તેના ભરડામાં આવી ચુક્યા છે. જો કે વાહનોની સંખ્યામાં વધારો થવા કરતા પણ વધુ મોટી સમસ્યા આપણી ટ્રાફિકના નિયમોના પાલન માટે ઉદાસીનતા છે અને કમનસીબે આપણે ''ટ્રાફિક'' શબ્દને વાહનચાલકો સાથે જ સાંકળીએ છીએ, રાહદારીઓ સાથે નહી.

રાહદારી હોવું એટલે ટ્રાફિકની તમામ સમસ્યાનો દોષ વાહનચાલકો પર ઢોળવો તેવી સ્થિતિ સામાન્ય રીતે જોવા મળે છે, પરંતુ હકીકત એ છે કે હજુ સુધી એક રાહદારી તરીકે આપણે રોડ ક્રોસ કરવાની કળા પણ શિખ્યાં નથી. જીહા, રોડ ક્રોસ કરવો તે એક કળા જ છે, બલ્કે જીવનજરૂરી કળા છે તેથી દરેકે અન્ય કળાની માફક તેના વિવિધ પાસાંને સમજવા અને શિખવા જરૂરી બનતું જાય છે. રોડ ક્રોસ કરતી વખતે શાળામાં જે શિખવાડ્યું હોય છે કે પહેલા જમણી તરફ પછી ડાબી તરફ અને ફરી જમણી તરફ જોઈને પછી જ રોડ ક્રોસ કરવો તે મૂળભૂત બાબત તો આપણને તે સમયે યાદ આવતી જ નથી તો પછી ઝીબ્રા ક્રોસીંગ પરથી જ રોડ ક્રોસ કરવો તે તો ક્યાંથી યાદ આવે ? આપણે તો જ્યાંથી મન થાય ત્યાંથી અથવા જ્યાં જવું છે તે નજીક જ્યાંથી પડતુ હોય ત્યાંથી રસ્તો ક્રોસ કરવાનું ચાલુ કરી દેવાતું. વળી,રોડ ક્રોસ કરતા મોબાઈલ ફોન ચાલુ હોય તે થોડો બંધ કરાય ? આમ તો, સામેવાળાને જો ફોનમાં કહીએ કે ''બે મિનિટ હોલ્ડ કરજો, હું રોડ ક્રોસ કરી લઉં'' તો તે બે નહી



પાંચ મિનિટ રાહ જુએ પરંતુ તેમ કરવામાં આપણો સમય કેટલો બગડે ??

આમ તો, રોડ ક્રોસ કરતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ ના ટાળવો તેવી ફિકરત માત્ર રાહદારીઓની જ નથી હોતી બલ્કે ચાલુ વાહને મોબાઈલ ફોન વાપરવાની કુટેવ વાહનચાલકોમાં પણ ખૂબ વધુ જોવા મળે છે. રાહદારી હોય કે વાહનચાલક આ કુટેવ કયારેક જીવલેણ સાબિત થતા ક્ષણભરનો પણ સમય લાગતો નથી અને એક ભૂલ આખી જીંદગી રોળી નાંખે છે. રોડ ક્રોસ કરવામાં એક બીજી મોટી ભૂલ ચાર રસ્તા હોય ત્યાં જોવા મળે છે અને તે છે કે ચાર રસ્તાની વચ્ચે થઈને રસ્તો ક્રોસ કરવો. ઘણા રાહદારીઓ તો સર્કલની લગોલગ ચાલીને પોતાના સહિત વાહનચાલકો માટે પણ મુશ્કેલી પેદા કરે છે. માન્યુ કે કાયદાકીય રીતે રસ્તા પર પહેલો અધિકાર રાહદારીઓનો હોય છે પરંતુ તે સાથે તેના નિયમોનું પાલન કરવાની ફરજ પણ પહેલી ખરી કે નહીં ??

રોડ ક્રોસ કરવામાં બેદરકારી અનેક સમસ્યાઓ સર્જે છે તે સાથે વાહનચાલકોની માનસિકતા પણ એટલી જ જોખમી જોવા મળે છે. જ્યારે રાહદારી રોડ ક્રોસ કરવા પ્રયાસ કરતો દેખાય તેટલે નીતિ અનુસાર તો વાહનચાલકે વાહન ધીમુ પાડી રાહદારીને રોડ ક્રોસ કરવા દેવાને પ્રાથમિકતા આપવાની હોય તેને બદલે મોટા ભાગના વાહનચાલકો દૂરથી હોર્ન વગાડી, લાઈટ દેખાડી વાહનની સ્પીડ વધારે છે અને રાહદારીને જાણે હુકમ કરે છે કે ''પહેલા મને પસાર થઈ જવા દો પછી તમે રોડ ક્રોસ કરજો'' અને આ સમયે સાથેના અન્ય વાહનચાલકો પણ જોડાય ત્યારે રાહદારી માટે સ્થિતિ કફોડી બને છે. આ વાહનચાલકો એ વિચાર જ નથી કરતા કે તમે પસાર થશો તે સાથે પાછળ અન્ય વાહનો પણ આવી જ રહ્યા છે. કેટલીકવાર તો રોડની અધવચ્ચે પહોંચેલો રાહદારી માટે બંને તરફથી ધસમસતા પસાર થતા વાહનો કફોડી સ્થિતિ સર્જે છે. ખાસ કરીને મોટી વયના વયોવૃદ્ધ કે બિમાર, અશકત અથવા દિવ્યાંગ રાહદારીઓ માટે આ સ્થિતિ અત્યંત જોખમરૂપ હોય છે. દૂરથી હોર્ન વગાડવુ કે લાઈટ દેખાડવી એટલે રોડ પરથી પહેલા પસાર થવાનો તમારો હક્ક નથી બની જતો તે વાહનચાલકોએ સમજી લેવુ જરૂરી છે. ઘણા વાહનચાલકો એવી દલીલકરે છે કે રોડ ક્રોસ કરવા ફૂટઓવર બ્રીજ બનાવવા જોઈએ પરંતુ તે દરેક જગ્યાએ શક્ય અને યોગ્ય ઉપાય નથી. ખાસ કરીને વડિલો-અશક્તો માટે તો ફુટ ઓવરબ્રીજ પસાર કરવો તે પણ એક સમસ્યા જ બને છે.

દિન-પ્રતિદિન વધતા જતા ટ્રાફિકમાં રોડ ક્રોસ કરનારાની સંખ્યા પણ વધતી રહેવાની છે અને આ સમસ્યાના ઉકેલમાં વાહનચાલકોએ રોડ ક્રોસ કરી રહેલા રાહદારીઓ સામે વાહન ધીમુ કરવું તે નૈતિક ફરજ બને છે, તે સાથે જ રાહદારીઓએ પણ યોગ્ય સ્થળેથી જ રોડ ક્રોસ કરવો તે શીખવું અત્યંત જરૂરી છે. રોડ પર જ્યાં ત્રણ રસ્તા કે ચાર રસ્તા હોય અથવા વળાંક હોય ત્યાંથી રોડ ક્રોસ કરવો જોખમી છે. તે સાથે જ રોડ ક્રોસ કરતા મોબાઈલ ફોનનો ઉપયોગ ટાળવો હિતાવહ છે, નહિંતર પેલી સોશ્યલ મિડિયા પર વાંચવા મળતી કેચલાઈન ''ચાલુ વાહને લગાડેલો ફોન યમરાજને લાગી શકે છે'' તેજ રીતે ''રોડ ક્રોસ કરતા લગાડેલો ફોન પણ યમરાજાને લાગી જ શકે છે.'' જરાક રાખેલી સાવધાની આપણા તહેવારોને શોકમાં ફેરવાતા બચાવી શકે છે.

પ્રતિભાવો આવકાર્ય

Samirtalod@yahoo.com

### ગાંધીનગર-અમરેલી એસી બસ સેવાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૮

સલામત સવારી એસટી અમારી..ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અમદાવાદ વિભાગ દ્વારા નવીન એસી બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં અમદાવાદથી પાલનપુર, અમદાવાદથી ભાવનગર અને ગાંધીનગરથી અમરેલીનો સમાવેશ થાય છે. ગાંધીનગરથી અમરેલી વાયા વલ્લભીપુર, ઢસા થઈને અમરેલી પહોંચશે, બપોરે ૧ કલાકે ગાંધીનગર ડેપોથી બસ ઉપડશે અને સમયસર અમરેલી પહોંચાડશે. આ ટુ-બાય-ટુ એસી બસનું ગાંધીનગરથી અમરેલીનું ભાડુ રૂ. ૩૮૮ નિયત કરાયું છે. જયારે દિવાળીના વેકેશનમાં સૌરાષ્ટ્રના મુસાફરોને આ બસ સેવાનો લાભ મળી રહેશે.

### ચિરવિદાય

- સ્વ. વાઘેલા દિલીપસિંહ રામાજી - ઉ.વ. ૪૮
- સ્વ. પટેલ કિરીટભાઈ ડાહ્યાભાઈ - ઉ.વ. ૬૬
- સ્વ. રાવલ પંકજકુમાર રમેશચંદ્ર - ઉ.વ. ૫૯